**GJBK140004642026**

**11195007230790**

<u>ભાભરના મહે.જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મું:ભાભર.</u>

<u>CC No. 351-2026.</u>

**– : <u>આંક–૧ લગત હુકમ</u> :–**

આ કામના આરોપી આ ગુન્હાની કબુલાત કરવા તૈયારી દર્શાવેલ છે જેથી આ પ્રકારનો ગુન્હો જો કબુલ કરશે તેમાં કાયદામાં જે સજા દર્શાવવામાં આવેલ છે તે પ્રકારની સજા થઈ શકે છે તેવી સ્પષ્ટ સમજ કરવામાં આવેલ છે. આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપીએ તેમની સામેનો ગુનો સ્વેચ્છાએ કબુલ કરેલ છે આરોપીની રજુઆત મુજબ તેમનો આ પ્રથમ ગુનો છે. તેઓ કોઈ ગુનાહિત ઈતિહાસ ધરાવતા નથી. જેથી આરોપી પોતાને સજા કરતી વખતે રહેમ દ્રષ્ટી રાખવા અરજ ગુજારેલ છે નામદાર ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫(૧) જી.એલ.આર. પેજ. ૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવરભાઈ હરીચંદ્રજી ઠાકોરના રીપોર્ટેડ રૂલીંગમાં પેટી ઓફેન્સીસ સ્વરુપના આરોપીના પ્રથમ ગુનાના કામે કોર્ટ આરોપીને કાયદાથી નકકી થયેલ ઓછામાં ઓછી સજા કરતા પણ ઓછી સજા ભોગવવાનો હુકમ કરી શકે તેવું જે ઠરાવ્યું છે તેવી હકીકત લક્ષમાં લેતા આરોપીની રજુઆત માન્ય રાખીને નીચે મુજબનો અંતિમ હુકમ કરવામાં આવે છે.

**–:: <u>હુકમ</u> ::–**

– આરોપી–**રસીકભાઈ અમરતભાઈ ઠાકોર** રહે–બંધવડ, તા–રાધનપુર, જિ–પાટણ નાઓને બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૫ અન્વયે પ્રોહી એકટની કલમ–૬૬(૧)બી મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી કુલ રૂા. ૧૦૦/–( અંકે રૂપિયા એકસો પુરા) દંડની સજાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દિન–૨ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

– મુદામાલ અંગે અગાઉ કોઈ વચગાળાનો હુકમ કરેલ હોય તો તેની શરતો રદ કરી તે હુકમ કાયમ રાખવામાં આવે છે. જો હુકમ કરેલ ન હોય તો અપીલ સમય બાદ મુદામાલનો નિયમ મુજબ નિકાલ કરવો.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ભાભર.

તારીખ : ૦૬/૦૬/૨૦૨૬

(એ.કે.સોમાણી)

જ્યુડી.મેજી.ફ.ક., ભાભર

Judge Code No-GJ O1690